ગાંધીનગર સમાચાર

**રીક્ષામાં રહી ગયેલા દાગીના કેમેરાની મદદથી પાછા મળ્યા**

## @ગાંધીનગર

● ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી દ્વારા સવારે ૧૧ થી ૪ કલાક દરમિયાન યુનિવર્સિટીના પરિસર ખાતે કલા શિબિર ૨૦૧૬નો કાર્યક્રમ યોજાશે.

● જનકબા રતનસિંહ વાઘેલાના નિવાસસ્થાન પ્લોટ નં. ૧૦૨૭/૧, સે-૪-એ ખાતે બપોરે ૨થી ૫.૩૦ કલાક દરમિયાન દર્શનાબેન ઉપાધ્યાયના કંઠે આનંદનો ગરબો ગવાશે.

# શહેરમાં છાશના વેચાણમાં જંગી વધારો

## ગાંધીનગરાઓ કાળઝાળ ગરમીમાં રોજની ૫૫૦૦૦ લીટર છાશ પી જાય છે

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર શહેરમાં છેલ્લા ઘણા દિવસોથી અંગ દઝાડતી ગરમી પડી રહી છે. નગરજનો ગરમીથી ત્રાહીમામ પોંકારી ઉઠ્યા છે ત્યારે નગરજનો ગરમીમાં રાહત મેળવવા ઠંડાપીણાની સાથે સાથે છાશને વધુ પસંદ કરે છે. જેને પગલે શહેરમાં છાશના વેચાણમાં જંગી વધારો નોંધાયો છે. સામાન્ય દિવસોમાં ૨૦થી ૨૫ હજાર લીટર છાશ વેચાય છે. પરંતુ છાશ એ આરોગ્યની દ્રષ્ટએ ગુણકારી હોવાથી ઉનાળાની સિઝન દરમિયાન રોજની ૫૫ થી ૬૦ હજાર લીટર છાશ ગાંધીનગરાઓ ગટગટાવી જાય છે. ઉનાળાના પ્રારંભ થતા જ નગરમાં ઠેર ઠેર છાશની હાટડીઓ ગોઠવાઈ ગઈ છે. આજે શહેરના કેટલાક કેન્દ્રો પર છાશ ખુટી પડી હતી જેને કારણે ગ્રાહકોને નિરાશ થઈને પરત ફરવું પડ્યું હતું.

આપણા શરીરમાં યોગ્ય પોષણ માટે માટે જે જે આહાર દ્રવ્યોની જરુર પડે છે તેમાં છાશનું વિશેષ મહત્વ રહેલું છે. ગુણોની દ્રષ્ટિએ છાશ એ ખરેખર અમૃત છે છાશના ગુણોને લઈ ગરમીની સિઝનમાં માનવીના શરીરમાં છાશ ઠંડક આપે છે. છાશ મીઠી,ખાટી, અને તુરી એમ ત્રણ પ્રકારની આવે છે.છાશ પચવામાં સહેલાઈથી પચી જાય છે. તે કફ અને વાયુના રોગોમાં ઉત્તમ છે તેમજ છાશને ઘણા લોકો ઠંડી માને છે તેમજ છાશને આંતરડાનું ઉતમ ટોનીક પણ ગણે છે. ત્યારે ઉનાળાની સિઝનમાં ગરમીએ જાણે શહેરને બાનમાં લીધું છે. સતત કેટલાક દિવસોથી ગરમીનો પારો દિનપ્રતિદિન વધી રહ્યા છે. ગરમીથી શહેરીજનો ત્રાહીમામ પોંકારી ઉઠયા છે. ગરમીથી બચવા નગરજનો નીતનવા નુસખા અપનાવી રહ્યા છે. ગરમીને કારણે હીટસ્ટ્રોકથી બચવા તેમજ શરીરમાં ગરમીને કારણે ઠંડક આપતી હોવાથી ડોકટર દ્વારા પણ છાશ અને વધુ પાણી પીવાનું કહેવામાં આવે છે. ત્યારે શહેરમાં વિવિધ ઠંડા પીણાની સાથે છાશના વેચાણમાં પણ વધારો નોંધાયો છે. ગાંધીનગર ખાતે આવેલ અમુલ ડેરીમાંથી સામાન્ય દિવસોમાં રોજની ૨૦થી ૨૫ હજાર લીટર છાશનું વેચાણ થાય છે. પરંતુ શહેરમાં ઉનાળાના પ્રારંભ થી જ વરસાદ આવે ત્યાં સુધી દિવસની ૫૫ થી ૬૦ હજાર લીટર છાશ વેચાય છે. જયારે શિયાળામાં માંડ ૨૦ હજાર લીટર છાશનો વપરાશ થાય છે. ગાંધીનગર શહેરમાં ગરમીની સિઝનના પ્રારંભથી જ છાશના વેચાણમાં ધરખમ વધારો થવા પામ્યો છે. શહેરના છાશના કેન્દ્રો પર બપોરના સમયથી જ છાશ ખુટી પડતા ગ્રાહકોને વીલા મોંઢે પરત ફરવાનો વારો આવ્યો હતો.



## વાતવાતમાં

● સાઈ ખાતે ભારતની મહિલા વોલીબોલ ટીમના ખેલાડીઓનો કેમ્પ છેલ્લા એક માસથી ચાલી રહ્યો છે. જેમાં દેશભરમાંથી વિવિધ રાજયોના ખેલાડીઓ આવ્યા છે. આ કેમ્પના કોચને એક મહિનો જતા ખબર પડી કે સાઈ સ્કુલની નજીકમાં જ સ્વર્ણિમ પાર્ક આવેલો છે એટલે વહેલી સવારે જોગીંગ તથા યોગ કરવા તમામ મહિલા ખેલાડીઓને લઈ આવી પહોંચતા રોજના મોર્નિંગ વોકર્સ આશ્ચર્યમાં ગરકાવથી ગયા હતા.

● શહેરના ડેપ્યુટી મેયર દેવેન્દ્રસિંહ ચાવડા ઉર્ફે જીગાબાપુએ કુડાસણ ખાતે મયુર ઓટોમોબાઈલ્સ ખાતે બનાવાયેલ સાંઈબાબા મંદિરમાં વર્ષોથી દર ગુરૂવારે થતી આરતીમાં હાજરી આપી હતી. જીગાબાપુએ આ પ્રસંગે સાંઈબાબાની આરતી ઉતારી ધન્યતા અનુભવી હતી.

● ગુરુ પુષ્ય નક્ષત્ર નિમિત્તે બાળકોને સુવર્ણ પ્રાશન પીવડાવવાનું વિશેષ મહત્વ હોય છે. આજે આ સુવર્ણ પ્રાશન પીવડાવવા શહેરના વાલીઓએ ભીડ જમાવી હતી.

● સેકટર-૧૩માં રંગમંચ પાસે આજે કાર અને રીક્ષા વચ્ચે ટકકર સર્જાઇ હતી. સદભાગ્યે આ અકસ્માતમાં કોઇને ગંભીર ઇજા નહોતી પહોંચી.

## જૈન સોશ્યલ ગ્રૃપ અને ગુજરાત રીજીયન દ્વારા સગપણ સેતુ ૨૦૧૬નું આયોજન

ગાંધીનગર, તા.૧૨

જૈન સોશ્યલ ગ્રૃપ ઈન્ટરનેશનલ ફેડરેશન અને ગુજરાત રીજીયન દ્વારા આગામી તા. ૨૬મી જૂનને રવિવારના રોજ સમસ્ત જૈન સમાજના વિવાહ યોગ્ય યુવક યુવતીઓનો પરિચય મેળો સગપણ સેતુ ૨૦૧૬નું આયોજન કરવામાં આવ્યુ છે. આ મેળામાં ભાગ લેવા ઈચ્છુકોએ રજીસ્ટ્રેશન ફી ભરવાની રહેશે. આ ફીમાં ઉમેદવાર ઉપરાંત એક વાલી માટે સવારનો નાસ્તો, બપોરનું ભોજન તથા પરિચય પુસ્કિાનો સમાવેશ થાય છે. આ અંગેના ફોર્મ તથા વધુ વિગતો મેળવવા અરવિંદભાઈ શાહ મો.નં. ૯૮૨૪૫૨૯૩૨૧ પર સંપર્ક સાધવા ગુજરાત રીજીયનના જોઈન્ટ સેક્રેટરી આર.ડી. ગાંધીએ અનુરોધ કર્યો છે.

# ગાંધીનગર હોસ્પિટલ વર્ગ -૪ના કર્મચારીઓની હડતાલ

## પગાર વધારાની માંગ સાથે કર્મચારીઓએ સંકુલ ખાતે સવારે હોબાળો મચાવી કામગીરીથી અળગા રહ્યા : મોડી સાંજ સુધી કર્મચારીઓને મનાવવા વાટાઘાટો

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર સિવિલ હોસ્પિટલને હાઈટેક બનાવવા માટે કરોડો રુપીયાનો ખર્ચ કરવામાં આવે છે. આખરે સિવિલ સંકુલમાં નવા બિલ્ડીંગના નિર્માણ પાછળ ભષ્ટ્ર નિતિ આચરવામાં આવી હોવાનો ગણગણાટ પણ પ્રવર્તયો છે. ત્યારે કહેવાતી અધ્યતન સિવિલ હોસ્પિટલમાં દર્દીઓની સંભાળ લેતા વર્ગ - ૪ ના કર્મચારીઓ પણ વેતન વધારાની માંગ સાથે એક દિવસની હડતાલ પર ઉતરી ગયા હતા.આ હડતાલને પગલે સિવિલની કામગીરીમાં પણ ભારે અસર વર્તાઈ હતી. સિવિલ હોસ્પિટલના કર્મચારીઓએ ફરજ પરની કામગીરીથી અળગા રહીને વેતન વધારા માગ સાથે સિવિલ સત્તાધિશોને રજુઆત કરી હતી. કર્મચારીઓએ ભારે હોબાળો મચાવતા હોસ્પિટલ તંત્રમાં ચહલ પહલ મચી જવા પામી હતી. આ તબક્કે ટુંક સમયમાં જ વેતનમાં વધારો નહીં થાય તો ઉગ્ર આંદોલન કરવાની ચિમકી ઉચ્ચારી છે. મોડી સાંજ સુધી કર્મચારીઓને મનાવવા માટે સિવિલના સતાધિશોએ બેઠકનું આયોજન કર્યું હતું.પરંતુ કર્મચારીઓ વેતન વધારાની માંગ સાથે અડગ રહ્યા હતા.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં છેલ્લા ઘણા સમયથી ખાનગી એજન્સીમાં વર્ગ - ૪ ના કર્મચારી તરીકે ફરજ બજાવતા ૩૦૦ થી વધુ કર્મચારીઓએ આજે વેતન વધારાની માંગ સાથે વિજળીક હડતાલ પર ઉતરી ગયા હતા. વર્ગ -૪ ના કર્મચારીઓને અત્યારે હાલ પ્રતિદિન રૂ. ૨૪૦ લેખે ચુકવાય છે જેમાં રૂ.૬૦ નો વધારો કરીને રૂ. ૩૦૦ કરવા કર્મચારીઓએ જણાવ્યું હતું. કર્મચારીઓ આજે સવારે નોકરી પર હાજર થતા જ સંકુલ ખાતે હોબાળો મચાવ્યો હતો. કર્માચરીઓ દિવસ દરમ્યાન કામ ન કરતા હોપિટલમાં પણ અસર વર્તાઈ હતી. જયારે છેલ્લા ઘણા સમયથી ખાનગી એજન્સીના માણસો વેતન વધારાને લઈ રોજ બરોજ હોબાળો કરી રહ્યા છે. પગાર વધારાની માંગ કરનાર કેટલાક કર્મચારીઓને તો તાજેતરમાં જ યોગ્ય લાયકાત ધરાવતા નથી તેવું કહીને ખાનગી એજન્સીએ છુટા કરી દીધા છે. હોસ્પિટલમાં વિવિધ વિભાગોમાં વર્ગ - ૪ ના કર્મચારીઓના વેતન વધારાની માંગ અંગે ખાનગી એજન્સીના સુપરવાઈઝરો સાથે વાત કરતા તેમણે જણાવ્યું હતુ કે વર્ગ -૪ ના કર્મચારીઓનો પગાર તાજેતરમાં જ એજન્સીએ વધાર્યો છે. પહેલા રૂ.૨૦૦ પ્રતિદિન હતા તેમાં વધારો કરીને રૂ. ૨૪૦ કરવામાં આવ્યો છે તેમજ અત્યારે હાલ સિવિલમાં ટેન્ડર પ્રક્રિયા હાથ ધરાઈ રહી છે જો એજન્સીને કામ મળશે તો વર્ગ - ૪ ના કર્માચારીઓના પગારમાં એજન્સી તરફથી વધારો કરવામાં આવશે. સિવિલના ૧૩૦ નર્સિંગ સ્ટાફના કર્મચારીઓએ પણ મુખ્યમંત્રી સુધી પગાર વધારાની માંગ સાથે રજુઆત કરી છે ત્યારે વધુ એક વર્ગ - ૪ ના કર્માચારીઓ હડતાલ પર ઉતરી જતા ખાનગી એજન્સીના માણસો પણ ચિંતામાં ગરકાવ થઈ ગયા હતા. છેક મોડી સાંજ સુધી સિવિલ સતાધિશો અને કર્મચારીઓ વચ્ચે બેઠક યોજાઈ હતી અને સમાધાનની વાટાઘાટો ચાલી રહી હતી. શું કર્મચારીઓની માંગ સંતોષાય છે કે તેમને પણ અન્ય કર્માચારીઓની જેમ એજન્સી હાંકી કાઢશે તે જોવું રહ્યું ....!

# નર્સિંગના આદર્શો અનુસરી દર્દીઓની સેવા કરો

## સી.એમ. પટેલ નર્સિંગ કોલેજમાં વિશ્વ નર્સિંગ દિવસે આચાર્યા ડૉ. રવિનાબેન ક્રિશ્ચિયનની વિદ્યાર્થીઓને શીખ : નર્સિંગ ડે નિમિત્તે વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરાયું






ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગરની કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન સી.એમ. પટેલ કોલેજ ઓફ નર્સિંગ દ્વારા આજે આંતરરાષ્ટ્રીય નર્સિંગ દિવસ નિમિત્તે વિવિધ કાર્યક્રમો હાથ ધરાયા હતા. આ કાર્યક્રમોમાં ઓન ધ સ્પોટ પેઈન્ટિંગ, ડાન્સ કોમ્પિટીશન, રોલ પ્લે તથા રંગોળી વગેરેનું આયોજન કરાયું હતું.

ઈટાલીમાં વર્ષ ૧૮૨૦ના તા.૧૨મી મે એ જન્મેલા ફલોરેન્સ નાઈન્ટીન્ગર્લ વિશ્વમાં નર્સિંગ ક્ષેત્રે આદર્શ મૂર્તિ ગણાય છે. તેઓ નાનપણથી જ હોંશિયાર અને શાંત સ્વભાવના હતા અને મોટા થઈ અનેક મુશ્કેલીઓ પાર કરી પોતાનું નર્સ બનવાનું સ્વપ્ર પુરું કર્યુ હતું. એટલું જ નહિ પરંતુ નર્સિંગ ક્ષેત્રે નવા પરિમાણો સ્થાપ્યા હતા. આ કારણે તા. ૧૨મી મે ને વિશ્વભરમાં તેમની યાદ રૂપે નર્સિંગ ડે તરીકે ઉજવવામાં આવે છે. ગાંધીનગરની સી.એમ. પટેલ કોલેજ ઓફ નર્સિંગ દ્વારા નર્સિંગ ડેની ઉજવણી કરાઈ હતી. જેમાં વિદ્યાર્થીનીઓએ ભારે ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. નર્સિંગ ડેની ઉજવણીમાં વિવિધ સ્પર્ધાઓ જેવીકે ઓન ધ સ્પોટ પેઈન્ટિંગ, ડાન્સ કોમ્પ્ટીશન તથા રોલ પ્લે વગેરે યોજાયા હતા. આ ઉપરાંત વિદ્યાર્થીઓએ ફલોરેન્સ નાઈન્ટીન્ગર્લની ચિત્રની રંગોળી પુરી હતી.

આ પ્રસંગે કોલેજના આચાર્યા ડૉ. રવિનાબેન ક્રિશ્ચિયને નર્સિંગ ક્ષેત્રના આદર્શોને અનુસરવા તથા દર્દીની કાળજી લેવાનું મહત્વ સમજાવ્યું હતું. કેમ્પસ ડાયરેકટર ડૉ. આર.જે. વ્યાસે વિદ્યાર્થીઓને આર્શીવચન પાવ્યા હતા અને પ્રાધ્યાપિકા હિમાલી પ્રજાપતિએ ફલોરેન્સ નાઈન્ટીન્ગર્લના જીવન અંગે માહિતી આપી હતી. કાર્યક્રમનું આયોજન તથા સંચાલન જીએનએમ, એએનએમ અને એમએસસીના વિદ્યાર્થીઓ દ્વારા કરાયુંહતું. આ પ્રસંગે સિવિલ હોસ્પિટલના મેટ્રન તથા નર્સિંગ સ્ટાફે પણ હાજરી આપી હતી.

## અમદાવાદના વૃદ્ધ મહિલાને કોર્પોરેટરે માર માર્યો હોવાનો આક્ષેપ

અમદાવાદ,તા.૧૨

અમદાવાદ શહેરમાં છેલ્લા કેટલાક સમયથી નર્મદા મેઈન લાઈનમાં બે ૨૨૦૦ એમએમની લાઈન જોડવાની ચાલી રહેલી કામગીરીના કારણે શહેરના અનેક વિસ્તારોમાં પીવાનું પાણી ટેન્કરની મદદથી પુરૂ પાડવાની તંત્રને ફરજ પડી રહી છે તેવા સમયે શહેરના નિકોલ વિસ્તારમાં પાણીનો પ્રશ્ન હલ કરવા અંગે રજૂઆત કરવા ગયેલા લોકો પૈકી એક ૬૫ વર્ષના વૃધ્ધાને સ્થાનિક મહીલા કોર્પોરેટરે લાકડીથી માર મારી તેમને ઈજાગ્રસ્ત કરવાની બાબત સામે આવતા સત્તાધારી ભાજપ પક્ષના હોદેદારોમાં સન્નાટો છવાઈ જવા પામ્યો છે.

## હવે માણેકચોકથી સાંકડી શેરીને હેરિટેઝ બનાવાશે

અમદાવાદ,તા.૧૨

અમદાવાદ શહેરને વિશ્વના હેરિટેઝ શહેર તરીકેની ઓળખ આપવા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તરફથી યુનેસ્કોમાં ડોઝીયર રજૂ કરવામાં આવ્યું છે.આ અંગેનો નિર્ણય આગામી વર્ષે જાહેર થશે,પરંતુ એ અગાઉ અમદાવાદ શહેરના ઔતિહાસિક વિસ્તારોની ઓળખને જાળવી રાખવાના પ્રયાસના ભાગરૂપે મ્યુનિસિપલ તંત્ર દ્વારા વિવિધ કાર્યવાહી કરવામાં આવી રહી છે.શહેરના મેયર ગૌતમશાહના અધ્યક્ષસ્થાને શહેરના માણેકચોકથી સાંકડીશેરી સુધીના વિસ્તારને હેરિટેઝ સ્ટ્રીટ તરીકે વિકસિત કરવા માટે આયોજન કરવામાં આવ્યું છે.

# રીક્ષામાં ભુલાયેલા દાગીના કેમેરાની મદદથી પાછા મળ્યા

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર શહેર સીસીટીવી કેમેરાથી સજ્જ થઈ ગયું છે હવે શહેરની તમામ હિલચાલ કેમેરામાં કેદ થતી હોવાથી ગુનાખોરી પણ ઘટશે અને ગુનેગારો પણ પકડાઈ જશે તેવી શકયતા બમણી બની છે. આજે સીસીટીવી કેમેરાએ રીક્ષામાં ભુલથી રહી ગયેલા દાગીના મહિલા મુસાફરને પરત અપાવ્યા હતા. ૯૦ હજારનો મુદ્દામાલ રીક્ષામાં રહી ગયો અને મહિલા મુસાફર રીક્ષામાંથી ઉતરી ગયા ત્યારબાદ ખ્યાલ આવ્યો પોલીસે તાત્કાલીક જે રસ્તેથી તે પસાર થયા હતા તે પથિકાશ્રમના સીસીટીવી ફુટેજ તપાસી રીક્ષા નંબર મેળવી રીક્ષા ચાલક સુધી પહોંચી પાછળની સીટ તપાસી હતી ત્યાંથી મુદ્દામાલ મળી જતા મહિલાને પરત કરવામાં આવ્યો હતો.

મળતી માહિતી મુજબ આજે સવારના સુમારે એક મહિલા મુસાફર સેકટર-૨૧ પોલીસ સ્ટેશન પહોંચ્યા હતા. રાજકોટથી ગાંધીનગર સે-૧૭ ખાતે મહેમાન બનીને આવેલ મહિલા પથિકાશ્રમ ઉતર્યા હતા. પથિકાશ્રમથી રીક્ષામાં સવારી કરીને સે-૧૭માં પહોંચ્યા હતા અને રીક્ષામાંથી ઉતરી ગયા ત્યારબાદ યાદ આવ્યું કે દાગીના તથા રોકડ મળી રૂ. ૯૦ હજારનો મુદ્દામાલ ભરેલી થેલી ભુલથી પેલી રીક્ષામાં જ રહી ગઈ...! પોલીસને સમગ્ર ઘટનાની જાણ કરી...! આટલી બધી રીક્ષામાંથી કઈ રીક્ષામાં તે બેઠા હતા તે કેવી રીતે શોધવું તે પ્રશ્ન થતો હતો..! પોલીસે તેમને બેસાડીને કયા રૂટ પરથી રીક્ષામાં ગયા હતા તે જાણ્યું અને ચોકકસ સમય જાણ્યો...!

**પથિકાશ્રમના સીસીટીવી ફુટેજ જોઈ રીક્ષા ચાલક સુધી પહોંચી પોલીસે ૯૦ હજારનો મુદ્દામાલ મહિલા મુસાફરને પરત કરાવ્યો**

ત્યારબાદ પથિકાશ્રમથી રીક્ષામાં બેઠા હોવાનું મહિલા મુસાફરે જણાવતા પોલીસે મહિલા મુસાફરને એસ.પી. ઓફિસ સ્થિત સીસીટીવી કન્ટ્રોલ રૂમ લઈ ગયા હતા. પથિકાશ્રમ સર્કલે લગાવેલા સીસીટીવી ફુટેજ મહિલાના બતાવેલ સમયને આધારે તપાસતા રીક્ષા, રીક્ષાચાલક અને મુસાફર કલીયર દેખાયા હતા. રીક્ષાનંબર મેળવી પોલીસે રીક્ષાચાલકની ડીટેલ નીકાળી તો સે-૨૪ રીક્ષા સ્ટેન્ડ પર આ રીક્ષા ઉભી રહેતી હોવાનું જણાયું હતું. પોલીસ મહિલાને લઈને સે-૨૪ રીક્ષા સ્ટન્ડ પહોંચી અને તે રીક્ષા તપાસી હતી. પાછળની સીટમાં મહિલાનો રૂ. ૯૦,૦૦૦નો મુદ્દામાલ ભરેલ થેલી તેમની તેમ પડી હતી. આ થેલી પોલીસે મહિલા મુસાફરને સુપ્રત કરી હતી. સીસીટીવી કેમેરાની મદદથી આજે આ મહિલા મુસાફરને તેમનો ૯૦ હજારનો મુદ્દામાલ પરત મળ્યો અને પોલીસના કવીક રીસ્પોન્સથી મુદ્દામાલ પુરેપુરો તેમનો તેમ મળવો શકય બન્યો હતો..!

# શહેરની પ્રાથમિક-માધ્યમિક શાળાઓમાં એડમિશનની મોસમ

## મનગમતી શાળામાં બાળકને પ્રવેશ અપાવવા વાલીના આંટાફેરા : ગ્રામ્ય વિસ્તારના વાલીઓમાં બાળકને શહેરમાં ભણાવવાનો ક્રેઝ વધ્યો : ટયુશન કલાસીસમાં પણ એડવાન્સ બુકિંગ મેળવવા ગળાકાપ સ્પર્ધા

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગરની પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં પ્રવેશ પ્રક્રિયા પુરજોશમાં ચાલી રહી છે. બાલમંદિર કે નર્સરી પતાવ્યા બાદ ભૂલકાંઓનું એડમિશન ધોરણ-૧માં લેવા માટે તથા ધો-૮ સુધીનું પ્રાથમિક શિક્ષણ પતાવ્યા બાદ ધો-૯થી માધ્યમિક શાળામાં એડમિશન લેવા માટે વાલીઓ દોડાદોડ કરી રહ્યાં છે. શહેરની ખાનગી ગ્રાન્ટેડ-નોન ગ્રાન્ટેડ શાળાઓમાં ખાસ કરીને જે શાળાઓ નવી ચાલુ થઈ છે તેમાં એડમિશન મેળવવા સંચાલકો દ્વારા વિવિધ યુકિત-પ્રયુકિતઓ પણ અજમાવાઈ રહી છે. ગાંધીનગર આસપાસના ગ્રામ્ય વિસ્તારમાંથી નાગરિકો પોતાના બાળકોને શહેરની શાળામાં ભણાવવા માટે પ્રવેશ લેવા ઉમટી રહ્યાં છે.

શહેરની ખાનગી શાળાઓમાં વેકેશન દરમિયાન નવા સત્રથી




પ્રાથમિક અથવા માધ્યમિકમાં પ્રવેશ પાત્ર વિદ્યાર્થીઓની એડમિશન પ્રક્રિયા અત્યારે હાથ ધરાઈ છે. પોતાને મનગમતી શાળામાં બાળકનો પ્રવેશ કરાવવા વાલીઓએ કમર કરી છે અને નોકરી-ધંધામાં રજા પાડીને શાળા કાર્યાલયો બહાર લાઈનમાં ઉભા રહેવા લાગ્યાં છે વળી, હવે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં પણ બાળકને શહેરમાં ભણાવવાનો ક્રેઝ વધતો જઈ રહ્યો છે. આ ક્રેઝના કારણે ગ્રામ્ય વિસ્તારના વાલીઓ પણ શહેરની શાળાઓમાં બાળકના એડમિશન માટે આંટાફેરા કરતા

### પ્રિ-મેચ્યોર એડમિશન માટે વાલીઓના ઉધામા

રાઈટ ટુ એજયુકેશનના કાયદા પ્રમાણે તા.૩૧મી મે, ૨૦૧૧ સુધીમાં જન્મેલા બાળકોને જ પહેલા ધોરણમાં પ્રવેશ આપી શકાય છે. આમ છતાં ઘણા વાલીઓ પોતાના બાળકને પ્રિ-મેચ્યોર એડમિશન માટેના પ્રયત્નો કરી રહ્યાં છે. જેમાં જે બાળકની ઉંમરમાં ઉપરોકત તારીખ પ્રમાણે થોડા ઘણા દિવસો કે કેટલાક મહિનાના તફાવતને નજર અંદાજ કરાવવા શાળાના સંચાલકોનો વિનવણી કરી રહ્યાં છે. જો કે આ બાબત હવે ગંભીર હોઈ શાળા સંચાલકો વાલીઓને સ્પષ્ટ નનૈયો ભણી દેતા અચકાતા નથી તેમ છતાં કેટલાક વગદાર વાલીઓ તે માટે દબાણ લાવવા સુધીના પ્રયત્નો કર્યા વગર જંપતા નથી.

જોવા મળી રહ્યાં છે. કેટલાક વાલી પોતાને મનપસંદ શાળામાં બાળકનું એડમિશન કરાવવા ડોનેશન સુધ્ધા આપવા તૈયાર હોય છે. આ ઉપરાંત મનપસંદ શાળામાં એડમિશન ના મળે તો અન્ય વૈકલ્પિક શાળામાં પ્રવેશ મળી જાય તે માટે એક સાથે બે બે શાળામાં પ્રવેશફોર્મ અને ફી સુધ્ધાં ભરી રહ્યાં છે.

ગાંધીનગરમાં છેલ્લા કેટલાક વર્ષોમાં અનેક શિક્ષણ સંકુલો અસ્તિત્વમાં આવ્યા છે. નવા શિક્ષણ સંકુલોમાં વધુને વધુ અથવા નક્કી કર્યા મુજબના ટાર્ગેટ પ્રમાણે એડમિશન મળી રહે તે માટે આ શાળાના સંચાલકો ટેલીકોલીંગ, પર્સનલ કન્સલટીંગ તથા સ્કીમ ઓફર સહિતની યુકિત-પ્રયુકિત પણ અજમાવી રહ્યાં છે. આ શાળાઓ સંકુલમાં પુરતી સંખ્યામાં બાળકો પ્રવેશ મેળવે તે માટે ખાસ કરીને ગ્રામ્ય વર્ગના વાલીઓને નિશાન બનાવી રહ્યાં છે. જેથી તેમને વૈભવી સવલતો દેખાડી આસાનીથી સંમત કરી શકાય. આ ઉપરાંત શહેરમાં અત્યારે માધ્યમિક શાળાઓમાં પ્રવેશ મેળવતા બાળકોના ટયુશન કલાસીસ માટે વાલીઓ ચિંતાતુર બન્યા છે તો ટયુશન કલાસીસના સંચાલકોમાં પણ ગળાકાપ સ્પર્ધા જોવા મળી રહી છે. આમ શહેરમાં શાળા પ્રવેશની પ્રક્રિયાની મૌસમ પૂરજોશમાં ખીલેલી જોવા મળી રહી છે.

## શહેરના વિકાસ સંદર્ભે વિકાસ પરિષદે મેયરને રજૂઆત કરી

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગરની વિવિધ સમસ્યાઓના પ્રશ્નોના સંદર્ભે ગાંધીનગર શહેર વિકાસ પરિષદ દ્વારા મેયરને પત્ર લખી રજૂઆત કરવામાં આવી છે. જેમાં કોમન પ્લોટોમાં સફાઈ, રખડતા ઢોરની સમસ્યા, લારી ગલ્લાનો સેકટરમાં વિકટ પ્રશ્ન, કાયમી ઝૂંપડાઓનું દબાણ સહિતની સમસ્યાઓનું નિરાકરણ લાવવા રજૂઆત કરાઈ છે.

ગાંધીનગર શહેર વિકાસ પરિષદના કાર્યકારી પ્રમુખ જે.જી. ભટ્ટના જણાવ્યા મુજબ નગરના મહાનગરપાલિકાના નવનિયુકત મેયરને પ્રશ્નોની સમસ્યાઓ ઉકેલવા જણાવાયું છે. આ પ્રશ્નોમાં હાલ શેરી અને કોમનપ્લોટોની સફાઈ થતી નથી. જેને કારણે શહેરના સેકટરોમાં કચરો અને ગંદકી નજરે પડે છે અને ગાંધીનગર શહેરમાં રખડતા ઢોરની સમસ્યા વિકટ બની ચૂકી છે. તેનું નિરાકરણ લાવવા પણ ખાસ રજૂઆત કરાઈ છે. આ ઉપરાંત ઝૂંપડાઓના દબાણને લઈને પણ દરખાસ્ત કરાઈ છે. આ તમામ સમસ્યાઓનું વહેલી તકે નિરાકરણ લાવવા પણ જણાવાયું છે.

### ચિરવિદાય

- સ્વ. શનાજી કાનાજી ઠાકોર, ઉ.વ. ૭૦
- સ્વ. નટુજી ભાવાજી ગોહિલ, ઉ.વ. ૫૫
- સ્વ. રસિકલાલ વજલાલ અધ્યારૂ, ઉ.વ. ૮૯
- સ્વ. ઈશ્વરભાઈ સોમાભાઈ પરમાર, ઉ.વ. ૫૫
- સ્વ. ધીરજભાઈ અમુલખરોય બ્રહ્મભટ્ટ, ઉ.વ. ૭૪
- સ્વ. બબાજી વરવાજી ઠાકોર, ઉ.વ. ૭૦